# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "નફાકારક ડેરી ઉદ્યોગ અને પશુપાલન વ્યવસ્થાપન" અંતર્ગત "ડેરી ફાર્મ યાંત્રિકીકરણ" વિશે કાર્યક્રમ યોજાયો

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૧૪ થી ૧૬ માર્ચ, ૨૦૨૨ દરમ્યાન "નફાકારક ડેરી ઉદ્યોગ અને પશુપાલન વ્યવસ્થાપન" અંતર્ગત "ડેરી ફાર્મ યાંત્રિકીકરણ" વિશે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ઇસરામા ગામના ૪૦ પશુપાલક બહેનો હાજર રહ્યા હતા.

કાર્યક્રમના પ્રથમ તેમજ બીજા દિવસે કેન્દ્રના પશુપાલન વૈજ્ઞાનિકશ્રી ડૉ. શ્રીકાંત બી. કાટોલે એ સદર કાર્યક્રમ યોજવા પાછળનુ મહત્વ સમજાવ્યુ હતું. તેમજ ડેરી ફાર્મ યાંત્રિકીકરણના અગત્યના પાસાઓ, ડેરી ફાર્મ પર યાંત્રિકીકરણ, ઘાસચારા એકમમાં યાંત્રિકીકરણ, ખાણ-દાણ-નિરણ અને પીવાના પાણીની વ્યવસ્થા યાંત્રિકીકરણ દ્વારા કેવી રીતે કરવામાં આવે છે તેના વિશે સર્વેને વિગતવાર માહિતી આપેલ.

કાર્યક્રમના ત્રીજા દિવસે ડૉ. એ.સી. વૈદ્ય, વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા દ્વારા આદર્શ પશુપાલનની મુખ્ય ચાવીઓ તેમજ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં ચાલતા અભ્યાસક્રમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. તથા ડૉ. શ્રીકાંત બી. કાટોલેએ ડેરી ફાર્મ યાંત્રિકીકરણ વિશે વિડીયો દ્વારા માહિતીનું પુનરાવર્તન કરાવી ડેરી ફાર્મ ઉપર મિલ્કિંગ મશીન, ચાફ કટર, ફુવારા પદ્ધતિ, આધુનિક રહેઠાણ ઇત્યાદી વગેરે બનાવવા માટે ગુજરાત સરકારશ્રીની યોજનાકીય માહિતી આપી હતી. બેંક ઓફ બરોડા, સોજીત્રા શાખાના મેનેજરશ્રી રાહુલ સિંહ દ્વારા બેંકમાંથી મળતી પશુપાલન કરવા માટે સહાય અને યોજનાઓની માહિતી આપવામાં આવી હતી. ચર્ચાસત્રમાં પશુપાલકોની સમસ્યાઓનું નિવારણ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેનો આભાર વ્યક્ત કરી કાર્યક્રમની પૂર્ણાહૂતી કરવામાં આવી હતી. સમગ્ર પ્રોગ્રામનું આયોજન તેમજ સંચાલન ડૉ. શ્રીકાંત બી. કાટોલે દ્વારા માન. કુલપતિશ્રી, આકૃયુ, આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ હતુ.

# <u>કાર્યક્રમની ઝાંખીઓ</u>








